# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આવતીકાલે મત ગણતરી થશે
2) રાજ્યના 31 શહેરમાં આજે **NEET**ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ
3) ગુજરાત બોર્ડની ધોરણ 12ની પરીક્ષાનું આવતીકાલે પરિણામ
4) આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા
5) **IPL** ક્રિકેટમાં આજે ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.

...............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UMRETH RESULT

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આવતીકાલે મત ગણતરી થશે. આ ચૂંટણીમાં કુલ 6 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપના હર્ષદ પરમાર અને કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ વચ્ચે સીધો મુકાબલો છે. 23 અપ્રિલે આ બેઠક પર 59.04 ટકા મતદાન થયું. ઉલ્લેખનીય છે કે આ બેઠક પર ધારાસભ્ય ગોવિંદ પરમારનું અવસાન થતા પેટા ચૂંટણી યોજવામાં આવી હતી.

# SENSE

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીત બાદ ભાજપે મેયર અને પ્રમુખોની નિમણૂક માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્યારે વલસાડ જિલ્લામાં નિરીક્ષકોની હાજરીમાં સેન્સ પ્રક્રિયાનો આજે પ્રારંભ થયો. આ અંગે વધુ માહિતી આપતા જિલ્લા ભાજપ પ્રમુખ ધવલ પટેલે જણાવ્યું, આ સેન્સ પ્રક્રિયામાં ચૂંટાયેલા સભ્યો, પક્ષના હોદ્દેદારો અને કાર્યકરો પાસેથી અભિપ્રાયો મેળવીને નામોની પેનલ તૈયાર કરી યોગ્ય ઉમેદવારોની પસંદગી કરાશે.

(BYTE : DHAVAL PATEL, DISTRICT BJP PRESIDENT)

દરમિયાન જુનાગઢ જિલ્લા પંચાયતમાં  નવા પ્રમુખ માટે સેન્સ પ્રક્રિયા શરૂ થઈ છે. આ વખતે સામાન્ય વર્ગની મહિલાને પ્રમુખ પદ મળશે. રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે આજે  સેન્સ પ્રક્રિયાના બીજા દિવસે દાવેદારોએ નિરીક્ષકો સમક્ષ પોતાની દાવેદારી નોંધાવી. રાજકોટ જિલ્લા પંચાયતનું પ્રમુખ પદ પ્રથમ અઢી વર્ષ માટે અન્ય પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવ્યું છે. તાપી જિલ્લા પંચાયત, વ્યારા નગરપાલિકાના પ્રમુખ માટે વ્યારાની પી. પી. સવાણી શાળા ખાતે પણ સેન્સ પ્રક્રિયા યોજાઈ.

# NEET EXAM

સ્નાતક તબીબી શિક્ષણમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા-NEET આજે શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ. રાજ્યના 31 શહેરોના 211 કેન્દ્રો પર લેવાયેલી આ પરીક્ષામાં 79 હજાર જેટલા વિદ્યાર્થી હાજર રહ્યા. કુલ 720 ગુણના પેપરમાં 360 ગુણનું જીવ વિજ્ઞાન અને 180-180 ગુણના ભૌતિક શાસ્ત્ર અને રસાયણ વિજ્ઞાનના પેપર લેવાયા. વલસાડ જિલ્લાના 10 કેન્દ્રો પર કુલ 3 હજાર 252 અને જુનાગઢ જિલ્લામાં 2 હજાર 107 ગીર સોમનાથ જિલ્લામાં એક હજાર 229 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.

# GSEB-HSC RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે ધોરણ 12ના તમામ પ્રવાહોની પરીક્ષાનું પરિણામ જાહેર કરાશે. આ પરીક્ષા ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન યોજાઇ હતી. વિજ્ઞાન, સામાન્ય, વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ ઉપરાંત GUJCET-2026 તથા સંસ્કૃત મધ્યમા પરીક્ષાના પરિણામ પણ આવતીકાલે જાહેર થશે. વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જોઈ શકશે. વોટ્સએપ દ્વારા પરિણામ મેળવવા વિદ્યાર્થીઓએ પોતાનો બેઠક ક્રમાંક 6357300971 નંબર પર મોકલવાથી પરિણામ પ્રાપ્ત થઈ શકશે.

# RAJYPAL-DEVVRAT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સુરતના ઓલપાડ તાલુકાના જીણોદ ગામે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં હાજરી આપી હતી. તેમણે પ્રાકૃતિક કૃષિને વ્યાપક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલની મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો નિહાળ્યા હતા અને ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. પરિસંવાદમાં રાજ્યપાલે જણાવ્યું હતું કે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને રોગમુક્ત સમાજ માટે 'બેક ટુ નેચર' એકમાત્ર ઉપાય છે. દેશી ગાયના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એ ધરતીના જળસ્તર સુધારવા, પશુ-પક્ષીઓને બચાવવા અને આવનારી પેઢીને સ્વસ્થ જીવન આપવાનો એકમાત્ર માર્ગ છે.

# SEMEN TECHNOLOGY

સેક્સ્ડ સીમેન ટેકનોલોજીથી રાજ્યામાં 90 ટકાથી વધુ માદા બચ્ચાનો જન્મ થયો છે જેને પગલે પશુપાલકોની આવકમાં પણ વધારો થયો છે. વર્ષ 2018-19 માં 8 લાખ સેક્સ્ડ સિમેન ડોઝના ઉત્પાદન માટેનાં પ્રોજેક્ટને ભારત સરકારે મંજૂરી આપી હતી, જેમાં 60 ટકા કેન્દ્ર સરકારનો અને 40 ટકા રાજ્ય સરકારનો હિસ્સો હતો. જૂન-2021 થી 'ગુજરાત બોવાઇન સિમેન સેક્સિંગ ઇન્સ્ટિટ્યૂટ' ખાતે સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું અને ફેબ્રુઆરી – 2026 સુધીમાં કુલ 8 લાખ સેક્સ્ડ સિમેન ડોઝનું ઉત્પાદન પૂર્ણ થયું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# SURENDRANAGAR-SP

સુરેન્દ્રનગર પોલીસે 51 લાખ રૂપિયાના 35 તોલા સોનાના દાગીના પરત અપાવી માનવતા લક્ષી અભિગમ દાખવ્યો છે. જે પી શેરી વિસ્તારમાં રહેતા અનિલભાઈ પરમારે સોનાના દાગીના ગીરવે મૂકી ઉછીના રૂપિયા લીધા હતા સમય જતા આ રૂપિયા પરત આપી દીધા હોવા છતાં વધુ પૈસાની માંગણી કરાઈ હતી જેથી તેમણે પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસે સોનાના દાગીના પરત અપાવ્યા હતા. આ અંગે જિલ્લા પોલીસ વડા પ્રેમ સુખ ડેલુએ વધુ માહિતી આપી.

**(BYTE - PREM SUKH DELU, S.P. SURENDRANAGAR)**

વ્યાજખોરીના દૂષણ સામે અભિયાન અંતર્ગત પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે

# GOVT AADHAAR CLARIFICATION

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે એવા અહેવાલો અને સોશિયલ મીડિયા સંદેશ ને નકારી કાઢ્યા છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે આધાર કાર્ડ ફોર્મેટ આ વર્ષના અંત સુધીમાં એક જ ફોટો અને QR કોડમાં બદલાઈ જશે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે સરકારની આવી કોઈ યોજના નથી.

# WEATHER

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જોકે આગામી બે દિવસ દરમિયાન રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે, આજે દરિયાકાંઠા વિસ્તારમાં ભારે પવન ફૂંકાઈ શકે છે.

**(BYTE : PRADEEP SHARMA, IMD DIRECTOR)**

# WORLD PRESS FREEDOM DAY

આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ છે. જે પ્રેસ સ્વતંત્રતાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો પ્રસંગ છે. આ વર્ષે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતાને પુનઃપુષ્ટિ કરવા અને ભવિષ્ય માટે માહિતી ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે વ્યવહારુ રીતોની આસપાસ પત્રકારત્વ, AI સહિત ટેકનોલોજી અને માનવ અધિકાર કલાકારોને સંરેખિત કરવા માટે એક મહત્વપૂર્ણ ક્ષણ પ્રદાન કરે છે. યુનેસ્કોની જનરલ કોન્ફરન્સની ભલામણને અનુસરીને, ડિસેમ્બર 1993 માં યુએન જનરલ એસેમ્બલી દ્વારા પ્રેસ સ્વતંત્રતા દિવસની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારથી,ત્રીજી મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# BHARUCH-ACCIDENT

ભરૂચ જિલ્લાના માતર ગામ નજીક દિલ્હી–મુંબઈ એક્સપ્રેસવે પર અકસ્માતમાં એક યુવાનનું મોત થયું છે અને અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો છે. રાજસ્થાનના અલવર જિલ્લાના 28 વર્ષીય વસીમ ખાન ટ્રકના ટાયર સાફ કરતી વખતે એક કારે ટક્કર મારતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અન્ય એક ટ્રક ડ્રાઈવર પણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતા તેને તાત્કાલિક સારવાર માટે વડોદરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં આમોદ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને આમોદ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે અને પરિવારજનોને જાણ કરવામાં આવી છે.

# IPL- CRICKET

IPL T 20 ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે. જે હમણાં સાડા સાત વાગ્યે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. પંજાબ કિંગ્સ પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને છે. જ્યારે ગુજરાત ટાઇટન્સ પાંચમા સ્થાને છે.

# DIABETES DOC CHILDREN

સરકારે બાળકોમાં ડાયાબિટીસ મેલીટસ પર માર્ગદર્શિકા દસ્તાવેજ બહાર પાડ્યો છે. આ દસ્તાવેજ તાજેતરમાં પૂર્ણ થયેલા જાહેર આરોગ્ય સેવા વિતરણમાં શ્રેષ્ઠ પ્રથાઓ પર રાષ્ટ્રીય પરિષદમાં બહાર પાડવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે માર્ગદર્શિકા દસ્તાવેજ પ્રથમ વખત બાળપણના ડાયાબિટીસના સ્ક્રીનીંગ, નિદાન, સારવાર અને લાંબા ગાળાના સંચાલન માટે એક માળખાગત અને પ્રમાણિત રાષ્ટ્રીય માળખું સ્થાપિત કરે છે. નવી માર્ગદર્શિકાનો ઉદ્દેશ્ય જન્મથી 18 વર્ષ સુધીના તમામ બાળકો માટે સાર્વત્રિક આરોગ્ય તપાસ સુનિશ્ચિત કરવાનો છે, વહેલા નિદાન માટે સમુદાય અને શાળા બંને પ્લેટફોર્મનો ઉપયોગ કરીને શંકાસ્પદ કેસોને તાત્કાલિક રક્ત ગ્લુકોઝ પરીક્ષણો આપવામાં આવશે અને પુષ્ટિ અને સારવાર માટે જિલ્લા આરોગ્ય સુવિધાઓમાં ઝડપથી રિફર કરવામાં આવશે. આ માર્ગદર્શિકા પરિવારો અને સંભાળ રાખનારાઓને ઇન્સ્યુલિનના ઉપયોગ, બ્લડ સુગર મોનિટરિંગ, કટોકટી પ્રતિભાવ અને દૈનિક રોગ વ્યવસ્થાપનમાં સશક્તિકરણ અને તાલીમ આપવા પર ભાર મૂકે છે, જેનાથી બાળકો માટે લાંબા ગાળાની સંભાળ વધુ સારી રીતે સુનિશ્ચિત થાય છે.